


રાજપૂત સમાજના અગ્રણી, ગોકુલ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન અને અનેક સામાજિક શૈક્ષણિક અને ચેરીટેબલ સંસ્થાઓમાં ઉદાર હાથેદાનનો પ્રવાહ વહાવીને સેવાની સુવાસ ફેલાવનાર ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતને રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજી દ્વારા 'સમાજરત્ન એવોર્ડ' આપીને સન્માનીત કરવામાં આવ્યા છે. અંબાજી ખાતે 'બાશ્રી હંસાબા ચંદનસિંહ રાજપૂત સમાજ એકતા ભવન' ખાતે પૂ. આનંદમૂર્તિ સ્વામીનો ત્રિદિવસીય સત્સંગ સમારોહ યોજવામાં આવ્યો હતો. જેનો બહોળી સંખ્યામાં ભાવિક જનોએ લાભ લીધો હતો. આ પ્રસંગે પૂ. આનંદ મૂર્તિ મહારાજના વરદ હસ્તે ધારાસભ્ય બલવંતસિંહ રાજપૂતને 'સમાજ રત્ન'નો એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે હેમચંદ્રાચાર્ય યુનિ. પાટણના ઉપકુલપતિ ડૉ. દિપુબા દેવડા, રાજપૂત સમાજ મિલ્કત ટ્રસ્ટ અંબાજીના પ્રમુખ એસ.પી. સોલંકી, ઉપપ્રમુખ રૂપસિંગ ચૌહાણ, મંત્રી મહોબતસિંહ ચાવડા, સહમંત્રી દિલીપસિંહ ચાવડા, કેળવણીકાર હમીરસિંહ પરમાર સહીત ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, દાતાઓ અને પૂ. સ્વામીજીના અનુયાયીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રાંતિજમાં ટેલિફોન અને બ્રોડબેન્ડ સેવા ઠપ્પ થતાં ગ્રાહકો પરેશાન

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ નજીક ગલેસરા માર્ગ આસપાસના વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી ટેલિફોન સેવા ઠપ્પ થતાં ટેલિફોન ગ્રાહકો તથા બ્રોડ બેન્ડ ગ્રાહકોને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રાંતિજ તાલુકાના ગલેસરા માર્ગ પરના વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસથી ટેલિફોન સેવા ઠપ થઈ ગઈ છે. પરિણામે ફેક્ટરીઓ તથા રહેણાંક વિસ્તારમાં ફોનની ઘંટડીઓ વાગવાની બંધ થતા વેપારી અને સ્થાનિકો મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. જયારે ટેલિફોન સાથે બ્રોડબેન્ડની સેવા પણ બંધ થઈ જતા ઓનલાઈન કામગીરીમાં પણ ભારે રૂકાવટ આવી રહી છે. ગ્રાહકોને પડતી મુશ્કેલીઓને લઈ છેલ્લા ઘણા સમયથી ગ્રાહકો બી.એસ.એન.એલ.ની કચેરીમાં ફોન અને રૂબરૂ જઈ સંપર્ક કર્યો છે પરંતુ અધિકારીઓ આ મામલે આંખ આડા કાન કરી રહ્યા છે. ગ્રાહકો રોષે ભરાયા છે અને બી. એસ. એન. એલ.ના અધિકારીઓ તુરંત આળસ ખંખેરી ઠપ્પ થઈ ગયેલ સેવાઓ શરૂ કરે તેવું ઈચ્છી રહ્યા છે.

# ડીસામાં જુના બસસ્ટેન્ડ પાસે યુવક હત્યા કેસનો એક આરોપી ઝડપાયો

## નવરાત્રીના સમયે એક યુવકની ચાર આરોપીઓએ અંગત અદાવતે કરી હતી હત્યા

ડીસા, તા. ૭

ડીસામાં નવરાત્રી સમયમાં જુના બસ સ્ટેન્ડ નજીક રાત્રી સમયે પોતાની અંગત અદાવતની પતાવટ માટે ચાર યુવકોએ એક ઈસમની કરપીણ હત્યા કરી હતી. આ હત્યા કેસમાં ડીસા ઉત્તર પોલીસે ચાર ઈસમો વિરૂદ્ધ અપહરણ અને હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં પોલીસે આજે હત્યા કેસમાં સંડોવાયેલા ચાર આરોપીઓ પૈકીના એકને ઝડપી જેલ હવાલે કરેલ છે.

આ અંગેની પોલીસમથકથી મળતી વિગતો જોઈએ તો ડીસાના વડલી ફોર્મ ખાતે રહેતા અશોક ઉર્ફે ચુલીયો ઠાકોર સાથે કેટલાક ઈસમોને અંગત અદાવત હતી. જેમાં ગત ૨૯-૯-૨૦૧૪ ની મોડી રાત્રે ઓટોરીક્ષામાં પોતાની અંગત અદાવતની પતાવટ માટે આવેલા પપ્પુજી મેરૂજી ઠાકોર બિલા કાળુ માજી રાણા, હરેશ અમરતભાઈ ઠાકોર અને એક અજાણ્યો ઈસમે ડીસાના જલારામ મંદિર નજીકથી અશોક ઠાકોરનું બળજબરીએ અપહરણ કર્યું હતું. અને તે બાદ તેને વિવિધ સ્થળોએ લઈ જઈ માર માર્યો હતો અને તલવારો વડે અપહ્યુત યુવક અશોક ઠાકોરને ચારણી-ચારણી કરી રસ્તામાં જ ફેંકી દઈ ભાગી છુટ્યા હતા. જે બાદ આ મામલાની ડીસા ઉત્તર પોલીસને જાણ થતાં પોલીસે તેને ૧૦૮ માં ડીસાની સરકારી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. જો કે તે બાદ તેને વધુ સારવાર અર્થે પાલનપુર ખસેડાયો હતો. જ્યાં ઘાયલ એવા પીડીત અશોક ઠાકોર મરણ પામ્યો હતો. જે બાદ આ મામલે ડીસા ઉત્તર પોલીસે આ મામલે ચાર ઈસમો વિરૂદ્ધ હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. જેમાં હત્યા કરીને ભાગી છુટેલા આરોપીઓ પૈકીના હરેશ અમરતભાઈ ઠાકોરને ડીસા ઉત્તર પોલીસે ઝડપી જેલ હવાલે કરેલ છે. જયારે અન્ય ત્રણ આરોપીઓને શોધવા ઘનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.

# ડીસાની એડીશનલ કોર્ટે અફીણના કેસમાં આરોપીને ૩ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી

ડીસા, તા. ૭

ડીસામાં બે વર્ષ અગાઉ ડીસા એરપોર્ટ વિસ્તારમાંથી રાજસ્થાનનો એક ઈસમ માદક દ્રવ્ય અફીણના રસ સાથે ઝડપાયો હતો. ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરીયાએ તપાસ બાદ ચાર્જસીટ રજૂ કરી હતી જેમાં આ કેસ સેશન્સ કમીટ થતા ડીસાની ચોથી એડીશનલ સેશન્સ કોર્ટમાં ટ્રાયલ પર આવ્યો હતો જેના ચુકાદામાં આજે કોર્ટે આરોપીને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષની સખ્ત કેદની સજા અને રૂપિયા ૨૦,૦૦૦નો દંડ ફટકાર્યો હતો.

કેસની વિગત એવી છે કે ડીસાના એરપોર્ટ વિસ્તારમાં ગત ૨૨-૧૧-૨૦૧૨ના રોજ ધનારામ નેતુરામ રબારી (રહે. ૫૨, તા. સાંચોર, રાજસ્થાન)ને માદક દ્રવ્ય સાથે આવી રહ્યો હોવાની બાતમી ડીસા તાલુકા પોલીસને મળી હતી. આ બાતમીના આધારે ડીસા તાલુકા પી.આઈ. આર.એમ. ભદોરીયા અને ટીમે વોચ ગોઠવી હતી. દરમિયાન આરોપી ધનારામ રબારી ૧ કિલો માદક દ્રવ્ય અફીણ રસ સાથે ઝડપાયો હતો. પોલીસે આ મામલે બાદમાં કોર્ટમાં ચાર્જસીટ રજૂ કરી હતી. આ કેસ ડીસાની ચોથી એડી. સેશન્સ કોર્ટના જજ વી.કે. પૂજારાની કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપી ધનારામ રબારીને કસૂરવાર ઠેરવી ત્રણ વર્ષની કેદ અને રૂ. ૨૦,૦૦૦ના દંડની સજા કરી હતી અને દંડ ન ભરે તો વધુ છ માસની કેદની સજાનો હૂકમ કર્યો હતો.



# ડીસા પુરગ્રસ્ત કોલોનીમાં મહાકાળી મંદિરે ગરબા યોજાયા

ડીસા શહેરના પાટણ હાઈવે વિસ્તારમાં આવેલ પુરગ્રસ્ત કોલોનીમાં આવેલ મહાકાળી માતાના મંદિરે તેરસની રાત્રે સૌરેયા પરિવાર દ્વારા રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. નવરાત્રીના નવ દિવસ માતાજીના મંદિરે ધામધુમપૂર્વ નવરાત્રીની ઉજવણી થાય છે. બાદમાં તેરસના દિવસે પણ મિત્ર મંડળ દ્વારા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાકાળી માતા મિત્ર મંડળના રાજુભાઈ લોધા, મુકેશભાઈ લોધા, દિનેશભાઈ લોધા તેમજ સમસ્ત સૌરેયા (લોધા), પરિવાર દ્વારા કાર્યક્રમને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. જયાં ખેલૈયાઓએ મોડીરાત સુધી રાસ-ગરબાની રમઝટ માણી હતી આયોજકો દ્વારા ખૈલેયાઓને ચા-નાસ્તો તેમજ લ્હાણી આપવામાં આવી હતી.

## ઈમ્પેક્ટ ફીની અરજીના નિકાલ માટે લોકદરબાર

અમદાવાદ શહેરમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા ઈમ્પેક્ટ ફીની અરજીઓનો નિકાલ કરવામાં આવી રહ્યો છે જે અંતર્ગત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જુદા જુદા ઝોનમાં લોકદરબાર યોજીને ઈમ્પેક્ટ ફીની અરજીનો નિકાલ કરવામાં આવી રહ્યો છે. ઈમ્પેક્ટ ફીની અરજીના નિકાલ માટે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ૧૮ ઓક્ટોબર સુધી લોકદરબારનુંઆયોજન કરવામાં આવ્યું છે તે તમામ છ ઝોનમાં યોજવામાં આવશે. આ વખતે ઈમ્પેક્ટ ફીની અરજી મંજુર કરાવવામાં મુંઝવણ અનુભવતા નાગરીકોને જે તે વોર્ડના મ્યુનિસિપલ કોર્પોરેટરો મદદ કરશે.

## રક્તદાન - મહાદાન

# આંગણવાડા ગામે પાણીની પાઈપલાઈન નાખવા બાબતે મારામારી : એકને ઈજા

કાંકરેજ, તા. ૭

કાંકરેજ તાલુકાના આંગણવાડા ગામે ખેતરમાં બોરના પાણીની પાઈપલાઈન નાખવા બાબતે બે ખેડૂત પરિવારના સભ્યો વચ્ચે મારામારી થતા મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

કાંકરેજ તાલુકાના આંગણવાડા ગામે ખેડૂત દાનસુંગજી વાઘેલા બોરની પાણીની પાઈપલાઈન નાખવાની કામગીરી કરાવી રહ્યા હતા. પાઈપલાઈન નાખવાની કામગીરી દરમિયાન પાઈપ બાજુના વિક્રમસિંગના ખેતરમાં નખાતા વિક્રમસિંગના બે પિતરાઈ હેમંતસિંગ અને મુકેશસિંગે ખેતરમાં પહોંચી મારા કાકાના દિકરાના ખેતરમાંથી કેમ વગર જાણકારીએ પાઈપલાઈન નાખી રહ્યા છો તેમ કહી બોલાચાલી કરી હતી. માથાકૂટ કરી હતી.



બોલાચાલી બાદ મામલો ઉગ્ર બનતા હેમંતસિંગ નામના શખ્સે છરી વડે દાનસુંગજી ઉપર હંસક હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. બાદમાં બન્ને શખ્સોએ ઢોર માર મારી લોહીયાળ ઈજાઓ પહોંચાડી મારી નાખવાની ધમકી આપી હતી. આ સમગ્ર મામલે શિહોરી પોલીસે બન્ને હુમલાખોર શખ્સો હેમંતસિંગ અને મુકેશસિંગ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે જેની તપાસ પી.એસ.આઈ. જે.બી. વરનાર ચલાવી રહ્યા છે.

# મોડાસાના મુસ્લીમ વિસ્તારની ત્રણ વૃધ્ધાઓની ધોળે દહાડે લૂંટ કરી અજાણી મહિલા ફરાર

મોડાસા, તા. ૭

મોડાસા શહેરના મુસ્લીમ વિસ્તાર ખાડીયાની ત્રણ વૃધ્ધ મુસ્લીમ મહિલાઓને રાજ્ય સરકારની વૃધ્ધ વિધવા સહાય આપવાના બહાને એક સલમા નામધારી અજાણી મહિલાએ રીક્ષામાં બેસાડી મામલતદાર કચેરી આગળ લઈ જઈ પહેરેલા દાગીના તેમજ રોકડ રકમ યુક્તિપૂર્વક કઢાવી લઈ ફરાર થઈ જતા મોડાસા શહેરમાં ચકચાર મચી જવા પામી હતી.



(તસવીર : જય અમીન, મોડાસા)

મોડાસા શહેરના મુસ્લીમ વિસ્તારમાં રહેતા શબીયાબેન એમ. સદા (ઉ.વ.૬૦)ના ઘરે એક અજાણી મહિલા સલમા નામે આવીનો વિશ્વાસમાં પરોવીને રાજ્ય સરકાર મંજૂર થવાથી અને આજુબાજુની વૃદ્ધાઓને પણ આવી સહાય મળશે. તેવો વિશ્વાસ બતાવીને વિશ્વાસમાં આવીને આ વૃદ્ધ મહિલાએ તેમની નણંદ જૈનબબેન મુસાભાઈ ઉકા (ઉં.વ.૬૦) તથા પાડોશી વૃદ્ધા ખાતુનબહેન એ. સાકરીયા (ઉં.વ.૬૫) પણ આ અજાણી મહિલા જોડે આવવા માટે રીક્ષામાં બેસાડેલ હતા. રીક્ષામાં બેઠેલી અજાણી મહિલાએ આ ત્રણેય વૃદ્ધોને જણાવ્યું હતું કે આટલા બધા સોના-ચાંદીના દાગીના પહેરેલા હોવાથી સરકારી અધિકારી જોશે તો તમને સહાય નહિ મળે તો. તેમ જણાવી વૃદ્ધ મહિલાના ઓળખીતા સોની ચંદ્રકાન્ત દશરથલાલની દુકાને જઈ વૃદ્ધાએ પોતે સોની જોડે દાગીના કઢાવી થેલીમાં પેક કરાવી અજાણી મહિલા સાથે રીક્ષામાં બેસી મામલતદાર કચેરી આગળ ઉભા રહ્યા હતા. જેમાં રાબીયાબેનના જતોલાની બુટ્ટી ૨ તોલા સોનાની બંગડી, ૧૨૦રૂ. રોકડા તેમજ જૈનબબેનના બે સોનાના કાપ રૂ. ૫૦૦ રોકડા તથા ખાતુનબહેનના ૧૫૦૦ રૂ. રોકડા આ બધી ચિજવસ્તુ અને રોકડ રકમ ભેગી કરીને પોટલી બનાવી હતી. જે અજાણી મહિલાએ આ ત્રણેય વૃદ્ધાને વાતોમાં વિશ્વાસ જગાડીને પોટલી પોતે લઈ લીધી હતી અને મહિલાઓને બેસાડીને સાહેબને મળીને આવુ છુ તેમ કહીને આબાદ રીતે છેતરીને ફરાર થઈ ગઈ હતી. વૃદ્ધાઓના ઘરવાળાઓએ વૃધ્ધાઓ ઘરે ન પહોંચતા તપાસ કરતા નિસહાય હાલતમાં મામલતદાર કચેરી આગળના કેમ્પસની ખુરશીમાં મળી આવી હતી. જેમને ઠગાઈનો ભોગ બન્યા હોવાનો અહેસાસ થતા આક્રંદ સાથે રડતા જોતાં મોડાસા શહેરની જનતા ટોળે વળી હતી. ભોગ બનેલી વૃદ્ધાઓએ અને કુટુંબીજનોએ મોડાસા ટાઉન પોલીસમાં જાણવાજોગ અરજી આપેલ છે.

આ અરજી અનુસંધાને મોડાસા ટાઉન પો. સ્ટેશન પી.આઈ. કે.જે. ચૌધરીએ મોડાસા શહેરમાંથી ભાગી ન જાય તે માટે ધરપકડ કરવા ચક્રો ગતિમામ કર્યા છે. મોડાસા શહેરના બહાર નિકળતા દરેક રસ્તા ઉપર જો આવી કોઈ શંકાસ્પદ વર્ણનવાળી મહિલા દેખાય તો તાત્કાલિક પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

# જૂના ડીસા ગામના હનુમાન મંદિર પૂજારીને માર મારી અજાણ્યા લુંટારાઓએ ૪૦ હજારની કરી લૂંટ

ડીસા, તા. ૭

ડીસા તાલુકાના જુના ડીસા ગામે ગતરાત્રીએ એક લૂંટના બનાવમાં હનુમાન મંદિરના પૂજારીને માર મારી ચાલીસ હજારની લૂંટ કરી હતી. આ લૂંટની જાણ ડીસા તાલુકા પોલીસને થતા પોલીસે ચાર અજાણ્યા લૂંટારાને ઝડપી પાડવા કવાયત હાથ ધરી છે.

આ લૂંટના બનાવની વિગતો એવી છે કે ડીસા તાલુકાના જૂના ડીસા ગામે ગોવિંદભાઈ ફળાહારી ઉં.વ. ૭૦ નામના પૂજારી હનુમાન મંદિરના પૂજારી તરીકે કામ કરે છે. જેમની રાત્રીના દોઢેક વાગ્યાના સુમારે ચાર અજાણ્યા લૂંટારૂઓએ મંદિરમાં પ્રવેશ કરી લૂંટના ઈરાદે હાથ બાંધી ધમકાવ્યા હતા અને મંદિરમાં રાખેલી તિજોરીની ચાવી માંગી હતી. છરીની અણીએ પૂજારી પાસેથી ચાવી લઈ તિજોરીમાંથી આ ચારેય શખ્સોએ રૂપિયા ૪૦ હજારની લૂંટ ચલાવી હતી. અને તે બાદ પૂજારીને હાથ-પગથી બાંધી ભાગી છુટ્યા હતા. વહેલી સવારે દર્શનાર્થે આવેલા ગ્રામજનોએ પૂજારીને પૂછપરછ કરતાં આ લૂંટની જાણ થઈ હતી. આ મામલાની ડીસા તાલુકા પોલીસને જાણ કરાઈ હતી અને પોલીસે ઘટનાસ્થળે પહોંચી આ લૂંટના ગુનાની ધોરણસરની તપાસ હાથ ધરેલ છે.

# અમદાવાદમાં ચાર જ દિવસમાં મેલેરિયાના ૩૫ કેસો નોંધાતા સનસનાટી

## તંત્ર દ્વારા સાવચેતીના તમામ પગલા લેવાયા હોવા છતાં પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળાથી લોકો પરેશાન

અમદાવાદ, તા.૦૭

શહેરમાં વરસાદે વિરામ લીધા બાદ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી ગયું હોવાથી મચ્છરોનો ઉપદ્રવ પણ વધી ગયો છે. શહેરમાં મચ્છરજન્ય રોગચાળાએ ફરી માથુ ઉચક્યું છે. ચાર જ દિવસમાં સાદા મેલેરીયાના ૩૫ કેસો સામે આવ્યા છે. શહેરના કોટ વિસ્તારમાં મેલેરીયાના કેસોનું પ્રમાણ વધારે જોવા મળ્યું છે તેમજ ઝેરી મેલેરીયાના ૧૬ કેસો અને ડેન્ગ્યુના ૯ કેસો સામે આવ્યા છે. ખરેખર તો આ અડધા જ આંકડા બહાર આવ્યા છે બાકી જોવા જઈએ તો આ આંકડાઓ ચિંતા ઉપજાવે તેવા છે. ખાનગી અને સરકારી હોસ્પિટલો દર્દીઓથી કીડીઓની જેમ ઉભરાઈ ગઈ છે.

શહેરમાં મચ્છરજન્ય રોગચાળાની સાથે સાથે પાણીજન્ય રોગચાળાના પણ ચોંકાવનારી સંખ્યા બહાર આવી છે. ૬ ઓક્ટોબર સુધીમાં ઝાડા ઉલ્ટીના ૭૬ કેસો, કમળાના ૬૪ કેસો તેમજ ટાઈફોઈડના ૪૧ કેસો સામે આવ્યા છે. જો કે ગત વર્ષની ૨૦૧૩ની સરખામણીએ ૨૦૧૪ની સરખામણીએ ૨૦૧૪માં પાણીજન્ય કેસોની સંખ્યા વધુ છે જયારે મચ્છરજન્ય રોગચાળામાં ગત વર્ષની સરખામણી કરતાં ચાલુ વર્ષે ઓછા કેસો સામે આવ્યા છે. શહેરમાં નવી બંધાતી કન્ટ્રક્શન સાઈટો, પાણી ભરાયેલા ખાબોચીયામાં મચ્છરોનો ઉપદ્રવ વધુ થાય છે જેથી મચ્છરજન્ય રોગચાળો પણ વધુ વકરતો જોવા મળ્યો છે તેમજ ગંદુ પાણી ડ્રેનેજના પાણીથી પાણીજન્ય રોગચાળો વકર્યો છે. ચાલુ મહિનામાં રોગચાળા નિયંત્રણ માટે ઘણા પગલા લેવામાં આવ્યા છે. એક્શન પ્લાન પણ તૈયાર કરવામાં આવ્યા છે જેના કારણે રોગચાળાને રોકવામાં સફળતા મળી છે. ખાદ્ય પદાર્થોના નમુના પણ લેવામાં આવ્યા છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...

(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA ઓથોરાઈઝ્ડ ડીલર Castrol EXIDE INDUSTRIES LIMITED BRIDGESTONE PASSION for EXCELLENCE JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮ ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦ મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦